**APK ફાઈલ મોકલી, મોબાઈલ હેક કરી નાણાં હડપી જવાના ગોરખધંધામાં સુરત ગુનાખોરીનું હબ બનવા લાગ્યું**

# 2000 કરોડના સાયબર ફ્રોડમાં નેપાળનું નામ

**'ઓપરેશન** મ્યુલ હન્ટ'માં સુરત ક્રાઈમ બ્રાન્ચને મોટી સફળતા, ચાર ઝડપાયા, ચાર વોન્ટેડ

**આરોપીઓએ** 'વિદ્યાપ્રધાન ધર્મા ફાઉન્ડેશન' નામની NGO બનાવી હતી, ફ્રોડના રૂપિયા તેમાં જમા થયા બાદ USDTમાં કન્વર્ટ કરી વિદેશ મોકલાતા

સુરત: બેન્ક એકાઉન્ટ ભાડે આપી સાયબર ફ્રોડ આચરતી આંતરરાષ્ટ્રીય ગેંગ સામે સુરત શહેર ક્રાઈમ બ્રાન્ચે 'ઓપરેશન મ્યુલ હન્ટ' હેઠળ મોટી કાર્યવાહી કરી છે. અત્યાર સુધી 750 કરોડથી વધુના ફ્રોડની પુષ્ટિ થઈ છે, જ્યારે આંકડો 2,000 કરોડને પાર જવાની સંભાવના છે.

સુરત પોલીસના "ઓપરેશન મ્યુલ હન્ટ" અંતર્ગત કમ્બોડિયા અને નેપાળથી ઓપરેટ થતી ઈન્ટરનેશનલ સાયબર ક્રાઈમ ગેંગના સૂત્રધારો સુધી પહોંચવામાં ક્રાઈમ બ્રાન્ચને મોટી સફળતા મળી છે. ક્રાઈમ બ્રાન્ચે ચોક્કસ બાતમીના આધારે ગ્લોબલ ટેક્સટાઈલ માર્કેટમાં 'સાવરીયા ક્રિએશન'ના નામે કાપડ વેચાણની આડમાં સાયબર ફ્રોડ આચરતા મુકેશ તારાચંદ સ્વામી અને બાબુલાલ ઉર્ફે પ્રિત જગુરામ કાલેરને વેસુ પનાસ ગામ કેનાલ રોડ પરથી ઝડપી પાડ્યા છે. તપાસ દરમિયાન આરોપીઓ પાસેથી અનેક બેન્ક પાસબુક, ચેકબુક, ડેબિટ કાર્ડ, મોબાઈલ ફોન અને ઓળખપત્રો મળી આવ્યા છે. મોબાઈલ ફોનના ટેકનિકલ એનાલિસિસમાં મુકેશ સ્વામીના મોબાઈલમાંથી અલગ અલગ બેન્કોના કુલ 44 એકાઉન્ટની માહિતી મળી આવી. ત્યારબાદ Indian Cybercrime Coordination Centre દ્વારા વિકસિત NCCRP પોર્ટલ પર આ એકાઉન્ટ્સના ડેટાનું વિશ્લેષણ કરતા દેશના વિવિધ રાજ્યોમાં કુલ 6,040 ઓનલાઈન સાયબર ફ્રોડની ફરિયાદો નોંધાયેલી હોવાનું સામે આવ્યું. આમાંથી 940 ફરિયાદની ચકાસણીમાં 750 કરોડથી વધુની ઠગાઈ થયાનું સ્પષ્ટ થયું છે, જ્યારે બાકીની ફરિયાદોની રકમની તપાસ ચાલુ હોવાથી કુલ ફ્રોડ 2,000 કરોડથી વધુ થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

તપાસમાં વધુમાં ખુલ્યું કે સાયબર ફ્રોડની રકમ 'વિધ્યાપ્રધાન ધર્મા ફાઉન્ડેશન' નામની NGOના એકાઉન્ટમાં જમા કરાવવામાં આવતી હતી. આ બાબતે NGOના ડિરેક્ટર મીતેશ વિશ્વાસ પાટીલ અને આશીષ દલજીત શર્માને પણ ઝડપી પાડવામાં આવ્યા છે. તમામ આરોપીઓને કોર્ટમાં રજૂ કરી 7 દિવસના રિમાન્ડ મેળવી વધુ ઊંડાણપૂર્વક પૂછપરછ હાથ ધરવામાં આવી છે.

### 44 ખાતા, 6,040 ફરિયાદ અને 2,000 કરોડનો સંભવિત ફ્રોડ

હાલ સુધીની તપાસ દરમિયાન સાયબર ક્રાઈમ ગેંગ સાથે સંકળાયેલા કુલ 44 બેન્ક એકાઉન્ટ મળી આવ્યા છે. આ તમામ એકાઉન્ટને સમન્વય-NCCRP પોર્ટલ પર ચકાસતા દેશભરના અલગ-અલગ રાજ્યોમાંથી કુલ 6,040 ઓનલાઈન ફરિયાદો નોંધાયેલી હોવાનું સામે આવ્યું છે. પ્રાથમિક તપાસમાં 940 ફરિયાદોમાં જ 750 કરોડ રૂપિયાથી વધુના સાયબર ફ્રોડ થયાનું સ્પષ્ટ થયું છે. તપાસ એજન્સીઓનું માનવું છે કે હજુ બાકીની ફરિયાદોની ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવશે તો આ ફ્રોડનો કુલ આંકડો 2,000 કરોડ રૂપિયાને પણ પાર કરી શકે છે. ગેંગ દ્વારા NGO તથા શેલ કંપનીઓના નામે ખોલાયેલા એકાઉન્ટનો ઉપયોગ કરી ફ્રોડની રકમ ઝડપથી ફેરવવામાં આવતી હતી, જેથી ટ્રાન્ઝેક્શનનો પાથ ટ્રેસ કરવો મુશ્કેલ બને.

### પકડાયેલા આરોપી

(1) મુકેશકુમાર તારાચંદ સ્વામી (ઉ.વ. 25રહેવાસી-સી, ૧૩૧૦ ગ્રીન લીફ વેસુ સુરત શહેર મુળરહે-શીવમંદિરની સામે આબસર ગામ, તા-સુજાનગઢ જિ.ચુરૂ રાજસ્થાન (સૂત્રધાર)) કાપડ વ્યવસાયની આડમાં તે બેન્ક એકાઉન્ટ ભાડે મેળવી સાયબર ફ્રોડ માટે ઉપયોગ કરાવતો હતો. તેના મોબાઈલમાંથી 44 બેન્ક એકાઉન્ટની વિગતો મળતાં દેશભરમાં થયેલા હજારો ફ્રોડ કેસોની સીધો કડી તેની સાથે જોડાઈ છે.

(2) બાબુલાલ ઉર્ફે પ્રિત જગુરામ કાલેર ઉ.વ.૨૪ રહેવાસી. સી-૧૩૧૦ ગ્રીન લીફ વેસુ સુરત શહેર મુળરહે-ગામ-રંઘીસર તા-સુજાનગઢ જિ.ચુરૂ રાજસ્થાન (વિદ્યાપ્રધાન ધર્મા ફાઉન્ડેશન NGO નાં મેનેજર) સૂત્રધારો સાથે સીધો સંપર્ક રાખી ફંડ મેનેજમેન્ટ કરતો હોવાની પોલીસને શંકા છે.

(3) મીતેશ વિશ્વાસ પાટીલ રહેવાસી-બી/૪૮ સેજલનગર સોસાયટી એલ.ડી. સ્કુલની પાછળ સચિન સુરત શહેર મુળરહે.ગામ-ફાગની તા-ધુલીયા જિ.ધુલીયા મહારાષ્ટ્ર (વિધ્યાપ્રધાન ધર્મા ફાઉન્ડેશન NGO નાં ડિરેક્ટર)
(૪) આશીષ દલજીત શર્મા રહેવાસી- બી/૪૮ સેજલનગર સોસાયટી એલ.ડી.સ્કુલની પાછળ સચિન સુરત મુળરહેવાસી-ગામ-ચૌજીતપુર થાના-સુજાનગઢ, તા-મછલીશહર, જિ.જોનપુર ઉત્તરપ્રદેશ (વિધ્યાપ્રધાન ધર્મા ફાઉન્ડેશન NGO નાં ડિરેક્ટર)

(4) આશીષ દલજીત શર્મા પણ 'વિદ્યાપ્રધાન ધર્મા ફાઉન્ડેશન' NGOનો ડિરેક્ટર છે. હાલ સુરતમાં રહેતો આશીષ મૂળ ઉત્તરપ્રદેશના જોનપુરનો રહેવાસી છે. NGOના એકાઉન્ટમાં આવતી શંકાસ્પદ રકમ અંગે તેને જાણ હોવાની શક્યતા છે. પોલીસ કસ્ટડીમાં તેની પૂછપરછથી સાયબર ફ્રોડના નાણાં ક્યાં અને કેવી રીતે વપરાતા હતા તેની મહત્વની માહિતી મળવાની અપેક્ષા છે.

# કચરાની કૌભાંડી એજન્સીનો ઇજારો લંબાવવા તખ્તો તૈયાર?

**રાજકીય** ઓથ ધરાવતી 'સી.ડી.ટ્રાન્સપોર્ટ'ના કચરા કૌભાંડ મુદ્દે વિપક્ષ 'આપ'ની રહસ્યમય ચૂપ્પીથી શંકાના વાદળો ઘેરાયા

**કોન્ટ્રાક્ટરના** કૌભાંડના ઉકરડામાં વિપક્ષને પ્રવેશ ન અપાયો, વિપક્ષે પણ ઓફિસમાં બેસી આવી ચૂપકીદી સેવી લીધી

### દરેક વખતે ફેસબુક લાઇવ કરતા વિપક્ષે ખજોદ મુલાકાતના ફોટો સુધ્ધાં વાયરલ ના કર્યાં!

સામાન્ય રીતે ફેસબુક લાઇવ અને પ્રેસ નિવેદનો મારફતે મનપાની કામગીરી પર લાપરવાહી અને ભ્રષ્ટાચારના આક્ષેપોનો મારો કરનાર વિપક્ષ 'આપ'ની ભૂમિકા ખજોદ ડિસ્પોઝલ સાઇટમાંથી સોલિડ વેસ્ટ અન્યત્ર ડમ્પ કરવાના વિવાદમાં ભારે શંકાસ્પદ બની રહી છે. આટલા મોટા મુદ્દે અત્યાર સુધી એકપણ સત્તાવાર નિવેદન ન કરવાથી વિપક્ષની નીતિ અને નિયત પર સવાલો ઊઠી રહ્યા છે. એવું પણ કહેવાય છે કે, ભાજપના કેટલાક નેતાઓના ઇશારે ચાલતા ખેલ વચ્ચે આજે વિપક્ષની ટીમે ખજોદ ડિસ્પોઝલ સાઇટની મુલાકાત લીધી, પરંતુ આ વિઝિટમાં તેઓ શું 'ઉકાળી' આવ્યા છે? કે પછી આ પણ માત્ર દેખાવ પુરતી કાર્યવાહી હતી? તે આગામી દિવસોમાં સ્પષ્ટ થશે. જો કે હાલ તો ખજાદ ડિસ્પોઝલ સાઇટ કૌભાંડમાં શાસકો, કોન્ટ્રાક્ટર અને મૌન વિપક્ષની ત્રિપુટી મનપાને વધુ એક મોટા વિવાદ તરફ ધકેલી રહી હોવાનું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે.

સુરતઃ મહુવાના કાંકરિયા ગામે ખજોદ ડિસ્પોઝલ સાઇટનો સોલિડ વેસ્ટ ઠાલવવાના પ્રકરણમાં રાજકીય નેતાઓની ઓથ ધરાવતા ઇજારદાર 'સીડી ટ્રાન્સપોર્ટ'ને કારણે સુરત મહાનગરપાલિકા ફરી એકવાર શરમજનક સ્થિતિમાં મૂકાઇ છે. છતાં પણ આશ્ચર્યજનક રીતે સ્થાયી સમિતિની આગામી બેઠકમાં આ જ ઇજારદારને કોન્ટ્રાક્ટની મુદત લંબાવી આપવા દરખાસ્ત રજૂ થવાની પૂરેપૂરી શક્યતા હોવાનું મનપાના સૂત્રો જણાવી રહ્યા હોય, મોટાપાયે કડદો થયો હોવાની શંકા મજબૂત બની છે.

કોન્ટ્રાક્ટર દ્વારા ટેન્ડરની શરતોનું ઉલ્લંઘન, વૈજ્ઞાનિક પ્રોસેસિંગમાં નિષ્ફળતા અને ખજોદ સાઇટ પર કચરાના ડુંગરો ઊભા થવા છતાં રાજકીય દબાણ વચ્ચે ઇજારદારને છાવરવાનો ખેલ ખુલ્લેઆમ ચાલી રહ્યો છે. મનપામાં છાશવારે ભ્રષ્ટાચારના મુદ્દે આક્રમક બનેલો વિપક્ષ 'આપ' આ ગંભીર વિવાદમાં રહસ્યમય રીતે મૌન ધારણ કરીને તમાશો જોતો હોવાની પ્રતિતિ થઇ રહી છે. એવી પણ ચર્ચા છે કે, છેલ્લા એક સપ્તાહથી ચર્ચાના કેન્દ્રમાં રહેલા આ કૌભાંડ બાદ છેક આજે વિપક્ષી નેતા પાયલ સાકરીયા અને 'આપ'ના બે અન્ય કોર્પોરેટરો મહેશ અણઘણ અને રચના હિરપરા ખજોદ ડિસ્પોઝલ સાઇટની વાસ્તવિક સ્થિતિ નીહાળવા પહોંચ્યા હતા. પરંતુ કોન્ટ્રાક્ટરના પાપ છૂપાવવા અને કચરાના ડુંગરોની પાછળ ચાલતા ભ્રષ્ટાચારના ખેલ પર પડદો નાંખવાના હેતુથી વિપક્ષની ટીમને સાઇટની અંદર પ્રવેશ કરતા અટકાવવામાં આવી હતી.

આ બાબતે સોલિડ વેસ્ટ અને પ્રોસેસિંગ વિભાગના કાર્યપાલક ઇજનેર રાકેશ મોદીને જાણ કરવામાં આવતા અંતે વિપક્ષી ટીમને માત્ર ઓફિસમાં બેસવા પૂરતી 'પ્રતીકાત્મક એન્ટ્રી' આપવામાં આવી હતી. ત્યારબાદ વિપક્ષી નેતા સાકરીયા કાર્યપાલક ઇજનેર મોદી પર ઉગ્ર બની પહોંચ્યા હતા. જો કે, ખજાદ સાઇટની વિઝિટ અંગે વિપક્ષે મગનું નામ મરી પાડ્યું નથી, પરંતુ તેમની હાજરી અને માગવામાં આવેલી વિગતોને પગલે સોલિડ વેસ્ટ વિભાગના અધિકારીઓમાં દોડધામ મચી ગઇ હોવાનું સ્પષ્ટ થયું છે.

# ઉત્તરાયણના લીધે સિવિલમાં સ્ટાફ વધારાયો

સુરતઃ ઉત્તરાયણમાં ઇજા અને દોરીથી હાથ કે ગળું કપાવવાની અનેક ઘટના બનતી હોય છે. R.M.O. ડો.કેતન નાયકે જણાવ્યું હતું કે, વધારાના સર્જરી અને ઓર્થોપેડિક વિભાગના 4 રેસિડન્ટ ડોક્ટરો, 2 મેડિકલ ઓફિસર તેમજ જરૂરી નર્સિંગ સ્ટાફ અને અન્ય વર્ગ-4 કર્મચારીઓની વ્યવસ્થા કરવામાં આવી છે. સ્મીમેરમાં સિનિયર આર.એમ.ઓ. ડો.જયેશ પટેલે જણાવ્યું કે, ઓર્થોપેડિક અને સર્જરી વિભાગના 5 ડોક્ટર તેમજ 5 નર્સિંગ સ્ટાફ સહિતના કર્મચારીઓને ખાસ ડ્યૂટી પર મૂકવામાં આવશે.

# વીરપ્રીતિ એનિમલ કેર સેન્ટર દ્વારા કરુણા મહોત્સવ

સુરતઃ ઘાયલ પક્ષીઓને વીરપ્રીતિ ભ.મ. એનિમલ હોસ્પિટલના હેલ્પલાઇન શરુ કરવામાં આવી છે. જો કોઇ ઘાયલ પક્ષી નજરે પડે તો મોબાઇલ નંબર 98254 80908 પર ફોન કરીને કે સેન્ટર પર પહોંચીને પક્ષીનો જીવ બચાવી શકાશે. છેલ્લા બે દિવસથી નેચર ક્લબના નેજા આજથી પાંચ વર્ષ પહેલા, વિરમતીબેન ફકીરચંદ શાહ, પ્રીતિબેન ભદ્રેશકુમાર શાહની પ્રેરણાથી સ્થપાયેલ, ભ.મ. એનિમલ કેર સેન્ટર દ્વારા ઉત્તરાયણ કરુણા મહોત્સવની ઉજવણી કરાય છે.

# ટેક્સટાઇલ માર્કેટ વિસ્તારમાં કરુણા અભિયાન



ઉત્તરાયણમાં ઘાયલ થતાં પંખીઓની સારવાર માટે શહેરમાં અનેક સેન્ટર ખૂલે છે. આ દિવસો દરમિયાન પંખીઓના પગ અને ગરદન કપાઇ જવાના અનેક બનાવ બને છે. પરંતુ ટેક્સટાઇલ માર્કેટમાં એક પણ આવું સેન્ટર નથી. જેથી જીવદયા પ્રેમી જીતેન્દ્ર સંઘવી અને તેમના ગ્રુપ દ્વારા એક સેન્ટર શરુ કરવામાં આવ્યું છે. ટેક્સટાઇલ માર્કેટ વિસ્તારમાં જો કોઇ ઘાયલ પક્ષી મળે તો 98982 42591 પર સંપર્ક કરવાનો રહેશે.

# આત્મહત્યાની દુષ્પ્રેરણાના ગુનામાં આરોપીઓને શંકાનો લાભ અપાયો

સુરતઃ રૂપિયાની લેતીદેતીમાં આપઘાતના કેસમાં આરોપીઓને શંકાનો લાભ આપી છોડી મૂકવાનો કોર્ટે હુકમ કર્યો છે. કાપોદ્રા વિસ્તારમાં રહેતા આરોપી મનસુખ સુહાગીયા ફરીયાદીના દૂરના મામા સસરા થતા હોવાથી પૈસાની જરૂર પડતા ફરીયાદીના પતિ અલ્પેશભાઈએ હાથ ઉછીના રૂપિયા ૩૫ લાખ આપ્યા હતા. આ અંગે આરોપીએ પોતાની ગામની જમીન વેચાતી લખી આપી હતી. ત્યારબાદ આરોપી મનસુખ સુહાગીયા, અરવિંદ મંગલદાસ, મંજુલાબેન અને સંજય મનસુખે, ફરિયાદીના પતિએ જમીનનો કબજો લેવા જતા હાથ પગ તોડી નાંખવાની અને જમીનમાં દાટી દેવાની ધમકી આપી હતી. મજબૂર થઈને ફરિયાદીના પતિએ અનાજમાં નાખવાની દવા પીને આત્મહત્યા કરી હતી. આ કેસમાં આરોપી જીતુભાઈ લવજીભાઈ સુહાગીયા (રહે. કલાકુંજ સોસાયટી, વરાછા), અરવિંદભાઈ મંગળદાસ રંગપરીયા (રહે. ધુંધારા ગીર, તા. ધારી), મંજુલાબેન મનસુખભાઈ સુહાગીયા, મનસુખભાઈ માધુભાઈ સુહાગીયા, સંજયભાઈ મનસુખભાઈ સુહાગીયાની સામે ગુનો નોંધાયો હતો. આ કેસની ઈન્સાફી કાર્યવાહી કોર્ટમાં ચાલતા આરોપી પક્ષે રોહન કીરીટ પાનવાલા, સમીરા મલેકે દલીલો કરી હતી. બંને પક્ષની દલીલો બાદ કોર્ટે આરોપીઓને શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કર્યો છે.

# ટીબીની બીમારીથી ત્રસ્ત યુવકનો પેટમાં ચપ્પુના ઘા મારી આપઘાત

**પતંગ** ચગાવતા પુત્રએ લોહીલુહાણ હાલતમાં પિતાને જોતા ઘરે આવીને પરિવારને જાણ કરી, સારવાર નિષ્ફળ ગઈ

સુરતઃ ખટોદરામાં ટીબીની બીમારીથી કંટાળીને યુવકે પેટમાં ચપ્પુના ઘા મારીને આપઘાત કરી લીધો હતો. પતંગ ચગાવતા પુત્રએ ઈજાગ્રસ્ત હાલતમાં પિતાને જોતા ઘરે આવીને પરિવારને જાણ કરી હતી. તેને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નિપજ્યું હતું.

મળેલી માહિતી મુજબ, મૂળ મહેસાણા જિલ્લાના બેચરાજી તાલુકાના સતિષ શાંતુભાઈ દેવીપૂજક (42 વર્ષ) હાલ ખટોદરા પંચશીલ નગર વિભાગ-1માં પરિવાર સાથે રહેતો હતો અને છૂટક મજૂરી કામ કરીને પરીવારનું ગુજરાન ચલાવતો હતો. છેલ્લા દોઢ વર્ષથી સતિષને ટીબીની બીમારી હતી. જેનાથી કંટાળીને સતીષે 8મી જાન્યુઆરીએ બપોરે ઘર પાસેના ગ્રાઉન્ડમાં પેટના ભાગે ચપ્પુ મારીને આપઘાતનો પ્રયાસ કર્યો હતો.

દરમિયાન ત્યાં તેનો બબલુ નામનો પુત્ર પતંગ ચગાવી રહ્યો હતો. જેની નજર ઈજાગ્રસ્ત પિતા પર પડતા તે તાત્કાલિક દોડીને ઘરે આવ્યો હતો અને પરિવારને જાણ કરી હતી. પરિવારજનો સતિષને 108 એમ્બ્યુલન્સમાં સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખાતે લઈ આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન સોમવારે સાંજે તેનું મોત નીપજ્યું હતું.

# તાપીમાં મોત વ્હાલું કરવા ગયેલી મહિલાનો પોલીસે જીવ બચાવ્યો

સુરતઃ ગઈકાલે એક મહિલા આપઘાત કરવા માટે સરદાર બ્રિજ પર પહોંચી હતી. બ્રિજ પરથી કૂદવાની તૈયારીમાં મહિલાને જોઈ એક જાગૃત નાગરિકે "જનરક્ષક ૧૧૨" પર કોલ કરી પોલીસને જાણ કરી હતી. માહિતી મળતાની સાથે જ રાંદેર પી.સી.આર.-૫૧માં ફરજ બજાવતા ઈન્ચાર્જ કોન્સ્ટેબલ પૃથ્વીરાજસિંહ ઘનશ્યામસિંહ ગણતરીની મીનિટોમાં ઘટના સ્થળે પહોંચ્યા હતા. પરિસ્થિતિની ગંભીરતા સમજી મહિલાને શાંતિપૂર્વક વાતચીતમાં વ્યસ્ત રાખી અને એક ક્ષણનો પણ વિલંબ કર્યા વગર તેને સુરક્ષિત રીતે બ્રિજ પરથી દૂર કરીને જીવ બચાવ્યો હતો.

# રે કામધંધો, પુત્રએ છરીના ઘા ઝીંકી માતાની હત્યા કરી

**માતાએ** ટોક્યો તો પુત્રએ પીત્તો ગુમાવ્યો, શાકભાજીની છરીના છાતી-ગરદનમાં ઘા ઝીંકી દીધાં

**મહારાષ્ટ્ર** ભાગવાની ફિરાકમાં હતો ને પોલીસે દબોચી લીધો

સુરતઃ ચોકબજાર પોલીસ સ્ટેશન વિસ્તારમાં કામધંધાની બાબતે માતા-પુત્ર વચ્ચે થયેલા ઝઘડામાં પુત્રએ પોતાની જ માતાની છરી વડે ક્રૂર હત્યા કરી હતી. આરોપી પુત્રને સુરત ક્રાઈમ બ્રાન્ચે ગણતરીના કલાકમાં પકડી પાડ્યો છે.

આજે બપોરે એકાદ વાગ્યે સેવેડ રોડ મરાઠા સ્કૂલ પાસે લક્ષ્મીનગર સોસાયટીના ઘર નં. 35માં રહેતા અવેશભાઈ સાલી અને તેમની માતા ચાંદ્રકલાબેન ઉર્ફે ચાંદ્રકલાસુરેન સેશભાઈ સાલી વચ્ચે ઝઘડો થયો હતો. કામધંધાની બાબતે માતા દ્વારા ટોકવામાં આવતા શરૂ થયેલી બોલાચાલી ઉગ્ર ઝઘડામાં ફેરવાઈ જતા પુત્ર અવેશ ઉશ્કેરાઈ ગયો હતો અને ઘરમાં પડેલી શાકભાજી સમારવાની છરી ઉઠાવી માતાના છાતીના ભાગમાં તથા ખભાના ઉપરના ભાગે ઘા માર્યા હતા. ગંભીર ઈજાઓના કારણે ચાંદ્રકલાબેન જમીન પર ઢળી પડ્યા હતા અને સારવાર મળે તે પહેલા જ તેમનું મોત નીપજ્યું હતું.

ઘટનાને અંજામ આપ્યા બાદ આરોપી ફરાર થઈ ગયો હતો. આરોપી અવેશ સાલી વિરામનગર રોડ તરફ, સોલધિયા વિસ્તાર (મહારાષ્ટ્ર) તરફ નાસી જવાની તૈયારીમાં હતો ત્યારે તેને ઝડપી લેવામાં આવ્યો છે. આરોપીની વધુ પૂછપરછ કરતાં તેણે ગુનો કબૂલ કર્યો હોવાનું પોલીસે જણાવ્યું છે.

# ખવાતું ન હતું, પહેલા ચપ્પુના ઘા ઝીંક્યા ને પછી ફાંસો ખાઈ લીધો

**કોસાડ** આવાસના 39 વર્ષીય શ્રમજીવી યુવકે આપઘાતનું મન બનાવી લીધું હતું, જીવ દઈ દીધો

સુરતઃ કોસાડ આવાસમાં ખોરાક બરાબર ખાઈ નહીં શકતા યુવકે ટેન્શનમાં આવીને ચપ્પુ મારીને આપઘાતનો પ્રયાસ કર્યો હતો. પરંતુ તેમાં નિષ્ફળ રહેતા છેવટે ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. સોમવારે સાંજે સંદિપે ડાબા હાથમાં તેમજ ગળાના ભાગે ચપ્પુ મારીને ઈજા પહોંચાડી હતી. ચપ્પુ માર્યા બાદ તેને એમ કે કદાચ તે બચી જશે. એટલે આપઘાતનું મન બનાવી તેણે લોહીલુહાણ હાલતમાં પંખા સાથે ચાદર બાંધીને ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. છેલ્લા કેટલાક સમયથી સંદીપ ખોરાક ખાઈ નહીં શકતો હતો, જેથી ટેન્શનમાં આવીને આપઘાતનું પગલું ભર્યું હોવાની શક્યતા પોલીસે વ્યક્ત કરી હતી.

# વધુ ચાર સંસ્થાના પનીર-ઘીના નમૂના ફેઈલ

**ભેસ્તાનની** કનૈયા ડેરી, પીપલોદની ફેબ્યુલસ ક્યુઝીન, કતારગામની શ્રીહરિ મિલ્ક અને યોગી ચોકની પટેલ દૂધ મંડળીમાં ભેળસેળ નીકળી

**ઘી-પનીરમાં** વનસ્પતિની ચરબીની હાજરી મળી, ફેટનું પ્રમાણ પણ ઓછું નીકળતા હવે કાર્યવાહી કરાશે

સુરતઃ સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં ખાદ્ય પદાર્થોનું ઉત્પાદન અને વેચાણ કરતી સંસ્થાઓમાં સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું.

આ કામગીરી દરમિયાન લેવામાં આવેલા ઘી અને પનીરના નમૂનાઓ પબ્લિક હેલ્થ લેબોરેટરીમાં પૃથ્થકરણ માટે મોકલવામાં આવ્યા હતા. લેબોરેટરીના રિપોર્ટ મુજબ કુલ ચાર નમૂના ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ-2006ના નિર્ધારિત ધોરણો મુજબના ન હોવાનું એટલે કે 'સબસ્ટાન્ડર્ડ' હોવાનું જાહેર થયું છે. આ નમૂનાઓમાં ખાસ કરીને વનસ્પતિ તેલની હાજરી દર્શાવતું 'Beta-Sitosterol' મળી આવ્યું છે અને ફેટનું પ્રમાણ ધોરણો કરતા ઓછું જોવા મળ્યું છે.

આ તપાસમાં ભેસ્તાનની શ્રી કનૈયા ડેરી એન્ડ સ્વીટ, પીપલોદની ફેબ્યુલસ ક્યુઝીન, કતારગામની શ્રી હરી મિલ્ક પેલેસ અને યોગીચોક વિસ્તારની પટેલ દૂધ મંડળીના નમૂનાઓ ફેઈલ થયા છે.

જેમાં શ્રી કનૈયા ડેરી એન્ડ સ્વીટમાં ઘીના નમૂના, ફેબ્યુલસ ક્યુઝીનમાં પનીરના નમૂના, શ્રી હરી મિલ્ક પેલેસમાં ડેરી મલાઈ પનીરના નમૂના અને પટેલ દૂધ મંડળીમાં ભેંસના ઘીના નમૂના ફૂડ સેફ્ટી એક્ટના ધોરણો મુજબ નહીં હોવાનું રિપોર્ટમાં બહાર આવ્યું છે.

આ સંસ્થાઓના નમૂનાઓમાં વનસ્પતિ ચરબીની હાજરી (Beta-Sitosterol) અને ફેટના ઓછા પ્રમાણ જેવી ખામીઓ જણાતા તંત્ર દ્વારા તેમની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આ સંસ્થાઓ અને ઈસમો વિરુદ્ધ ફૂડ સેફ્ટી એક્ટ હેઠળ આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

## સંક્ષિપ્ત સમાચાર

### સૂરત પીપલ્સ બેંક તેમજ ચેમ્બરના ઉપક્રમે લોન સ્કીમ અંગેનો વેબિનાર યોજાયો



સુરતઃ ધી સૂરત પીપલ્સ કો.ઓ. બેન્ક લિ., ગર્વમેન્ટ ડિપાર્ટમેન્ટ NSIC-SC/ST HUB (National Small Industries Corporation) તથા ચેમ્બર ઓફ કોમર્સ (SGCCI) સુરતના સંયુક્ત ઉપક્રમે નાના તથા મધ્યમ વર્ગના ઉદ્યોગ સાહસિકોને MSME Priority અને Weaker Sectionની લોન સ્કીમ અંગેનો વેબિનાર તા.૦૬.૦૧.૨૦૨૬ ના રોજ યોજવામાં આવ્યો હતો. આ વેબિનારમાં બેન્ક તરફે મેનેજિંગ ડિરેક્ટર કલ્પેશ શાહ, આસી. જનરલ મેનેજર દેવાંગ સરૈયા, NSIC-SC/ST HUB તરફે શાખા પ્રબંધક ડો. કુલદીપ રાજપૂત તથા સમૃધ્ધિ (SGCCI) તરફે MSME કમિટી ચેરમેન મનીષભાઈ બજરંગ ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાત રાજ્યમાંથી ૧૦૦ જેટલા લાભાર્થીઓએ ભાગ લીધો હતો.

### બરફીવાળા કોલેજ અને શંભુભાઈ પટેલ કોલેજ દ્વારા રાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન કરાયું



સુરતઃ સુરત એજ્યુકેશન સોસાયટી સંચાલિત શેઠ સી.ડી. બરફીવાળા કોલેજ ઓફ કોમર્સ અને શ્રી શંભુભાઈ વી. પટેલ કોલેજ ઓફ કમ્પ્યુટર સાયન્સ એન્ડ બિઝનેસ મેનેજમેન્ટ, સુરત દ્વારા "INNOFUSION-2026: Contemporary Issues in Commerce, Management, Computer Science and Bhartiya Knowledge System" વિષય પર રાષ્ટ્રીય પરિસંવાદનું સફળ આયોજન કરવામાં આવ્યું. પરિસંવાદનું ઉદ્ઘાટન કુલપતિ ડો. કે. એન. ચાવડાના શુભેચ્છા સંદેશ દ્વારા કરવામાં આવ્યું. મુખ્ય વક્તા તરીકે ડો. ગુરુદત્ત પી. જાપી અને ગેસ્ટ ઓફ ઓનર તરીકે ડો. સંજય ભાયાણી ઉપસ્થિત રહ્યા. પરિસંવાદમાં દેશભરના ૧૫૨ જેટલા વિદ્વાનો અને સંશોધકોએ ભાગ લઈ શૈક્ષણિક વિચારવિમર્શ કર્યો તથા ૧૨૮ સંશોધન પત્રો રજૂ થયા હતા.

### વિદ્યાકુંજ સ્કૂલમાં ઉત્તરાયણ પર્વની ઉજવણી કરવામાં આવી



સુરતઃ વનિતા વિશ્રામ શ્રીમતી પાર્વતીબેન દેસાઇ વિદ્યાકુંજ પુર્વ પ્રાથમિક અંગ્રેજી માધ્યમમાં આચાર્યા જ્યોતિકા રામનાનીના નેતૃત્વ હેઠળ ઉત્તરાયણ પર્વની ઊજવણી કરવામાં આવી હતી. નાની બાળકીઓ દ્વારા લોરી ડાન્સ રજુ કરવામાં આવ્યો હતો. તેમજ પતંગ ઊડાડી મજા માણી હતી.

### સુરત ફાઇનાન્સ એસો. દ્વારા 13મો રક્તદાન કેમ્પ યોજાયો



સુરતઃ સુરત ફાઇનાન્સ એસોસિએશન દ્વારા તા.10 જાન્યુઆરી 2026, શનિવારના રોજ સવારે 9:00 વાગ્યે ગણપતિ વંદના અને રાષ્ટ્રીય ગાન સાથે 13મો ભવ્ય રક્તદાન ઉત્સવનો શુભ આરંભ કરવામાં આવ્યો હતો. શિબિરના મીડિયા પ્રભારી સત્યનારાયણજી અગ્રવાલે માહિતી આપતા જણાવ્યું હતું કે, રક્તદાન શિબિરમાં કુલ 512 યુનિટ રક્ત સંગ્રહ કરવામાં આવ્યો હતો, જ્યારે 577 રક્તદાતાઓએ પોતાનું નામ નોંધાવ્યું હતું. તમામ રક્તદાતાઓને ઉપહાર તેમજ 1,00,000ની પર્સનલ અકસ્માત વીમા પોલિસી આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. શિબિરમાં પો.કમિ. અનુપમસિંહ ગેહલોત, ખાસ પો.કમિ. વાબંગ જામીર સહિત અન્યો હાજર રહ્યા હતા. સંગઠનના અધ્યક્ષ સંતોક નાહરે તમામ રક્તદાતાઓ નો સુરત ફાઇનાન્સ એસોસિએશન તરફથી આભાર વ્યક્ત કર્યો હતો.

### સુરતની ક્રિષ્ના 360 મીડિયાને દ.ગુ.ની શ્રેષ્ઠ એડ્વર્ટાઈઝિંગ એજન્સીનો એવોર્ડ

અમદાવાદ : એએસીએ મીડિયા એવોર્ડ્સ 2026 ગ્રાન્ડ શોમાં અગ્રણી એડવર્ટાઇઝિંગ એજન્સીઓ, મીડિયા ઓનર્સ, મીડિયા પ્રોફેશનલ અને એડ્વર્ટાઈઝરની વિશાળ ઉપસ્થિતિમાં સુરતની ખ્યાતનામ એજન્સી ક્રિષ્ના 360 મીડિયા એલએલપીને દક્ષિણ ગુજરાતની ''શ્રેષ્ઠ એડવર્ટાઇઝિંગ એજન્સી'' નો એવોર્ડ પ્રાપ્ત થયો હતો. આ પ્રસંગે એજન્સીના ડાયરેક્ટર દેવેશ સરાફ તથા રિંકલ સરાફ એ ખુશીની લાગણી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, 1995માં કંપનીની સ્થાપનાના 30 વર્ષની ઘણી લાંબી સફરમાં અમોએ ખૂબ જ પરિશ્રમ દ્વારા ગ્રાહકોનો વિશ્વાસ સંપાદિત કર્યો છે. ગ્રાહકોને હજુ વધુ સારી સેવા આપી શકાય તે માટેના તમામ પ્રયત્નો કરવા હમો દ્રઢ સંકલ્પ છીએ. અમારી આ સફળતાનો શ્રેય અમારા સહભાગી, મિત્રો અને શુભેચ્છકોને જાય છે.

### આજે દત્ત મંદિર ડુમસ રોડ ખાતે શ્રી બાલાસ્વામીજીનો પ્રાગટ્યોત્સવ

સુરતઃ મકરસંક્રાંતિના પાવન પર્વે સદગુરુ દત્ત વિજયાનંદ તીર્થ સ્વામીજી(બાલાસ્વામીજી)ના પ્રાગટ્ય મહોત્સવ પ્રસંગે ગુરુપાદુકા પૂજન, ગુરુ ગીતા પારાયણનો સવારે દસ થી બાર વાગ્યા સુધી કાર્યક્રમ દત્ત મંદિર, ડુમસ રોડ મગદલ્લા ચાર રસ્તા નજીક સુરત ખાતે યોજાશે. ભક્તોને મંદિરમાં યોજાનારા તમામ કાર્યક્રમોનો લાભ લેવા માટે મંદિરના સંચાલકો દ્વારા જણાવવામાં આવ્યું છે.

### એસ.ડી. જૈન મોર્ડન સ્કૂલમાં 'વિન્ટર-ઓ-ફિયેસ્ટા'ની ભવ્ય ઉજવણી



સુરતઃ સુરતની એસ.ડી. જૈન મોર્ડન સ્કૂલ ખાતે 10 જાન્યુઆરી, 2026ના રોજ 'વિન્ટર-ઓ-ફિયેસ્ટા'નું ભવ્ય આયોજન કરાયું હતું. આ ઉત્સવમાં 6000થી વધુ વિદ્યાર્થીઓ, વાલીઓ અને મહેમાનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરાયેલા કલા પ્રદર્શન, 70થી વધુ ખાણીપીણીના સ્ટોલ્સ, સાંસ્કૃતિક કાર્યક્રમો, ફેશન શો, રમતો અને મનોરંજક પ્રવૃત્તિઓ મુખ્ય આકર્ષણ રહ્યા હતા. ઝોન-3ના ACP એસ.આર.ટંડેલના નેતૃત્વમાં ટ્રાફિક જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. સ્વચ્છ ભારત અભિયાનનો સંદેશ પણ આપવામાં આવ્યો હતો. સાથે જ શાળાની વિદ્યાર્થિની વાકા લક્ષ્મી પ્રજ્ઞિકાને પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કાર-2025 મળ્યાની સિદ્ધિએ શાળા અને ગુજરાતનું ગૌરવ વધાર્યું હતું.

### પદ અને પૈસા હોય તો માણસ આકાશમાં ઊડતો હોય છેઃ જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી



સુરતઃ શ્રી અઠવાલાઈન્સ જૈન શ્વે. મૂ. પૂ. સંઘમાં જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજે 'ચલી ચલી રે પતંગ મેરી ચલી રે' એ વિષય ઉપર પ્રવચનપ્રસાદી પાઠવતાં કહ્યું હતું કે, આકાશના પતંગ અને ધરતી ઉપરના માણસ વચ્ચે ઘણી સમાનતા છે. પવન હોય ત્યારે આકાશમાં પતંગ બરાબર ચગતો હોય છે. એ જ રીતે પદ અને પૈસા હોય તો માણસ આકાશમાં ઊડતો હોય છે. પવન પડી જતાં પતંગ બરાબર ચગતો નથી. પદ જ્યારે છીનવાઈ જાય અને પૈસા જ્યારે સલવાઈ જાય ત્યારે માણસનો બધો નશો ઉતરી જતો હોય છે.